
# ‘વર્ષાનાં વળામણાં’



આપણે શિયાળાના આગમનના એંધાણ તો આપ્યા પરંતુ ‘વર્ષા’ના વળામણા કરવાનું ચૂકી ગયા. વર્ષાઋતુના આગમન ટાણે પહેલા વરસાદમાં ભિંજાઈને આપણા સૌ વર્ષાના આગમનને વધાવીયે છીએ. કવિઓ કલાકારો અને સાહિત્યકારો પોતપોતાની શૈલીમાં વર્ષાના આગમનના વધામણા કરે છે. જેના આગમનના વધામણા હોય તેની વિદાય પણ ભાવભીની હોય તેવી આપણી પરંપરા છે. હમણાં જ આપણે ગણપતિદાદાની વાજતે ગાજતે પધરામણી કરી અને ‘અગલે બરસ તું જલ્દી આ’ કહીને ભાવભીની વિદાય પણ આપી. તો ચાલો, વરસાદના પાણીની આ બુંદને ‘વર્ષા’નું પ્રતિક માની આ તસ્વીર દ્વારા અગલે બરસ તું જલ્દી આ કહીને ‘વર્ષાનાં વળામણાં’ કરવાની શરુઆત કરીએ. (તસવીર : નિકુંજ પી. વૈશ્યક)

# આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો ગરબે ઘુમ્યા

ગાંધીનગર, તા.૧૭

આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે નવરાત્રી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓએ ટ્રેડીશનલ ડ્રેસમાં ડી.જે.ના તાલે પરંપરાગત ગરબા, નવી સ્ટાઈલના પોપટિયુ, દોઢિયુ તથા રાસની રમઝટ બોલાવી હતી. ૧૮ શ્રેષ્ઠ ખેલૈયાઓ ઈનામને પાત્ર બન્યા હતા. વિજેતા બનેલા વિદ્યાર્થીઓમાં જીલ પટેલ, દેવરાજસિંહ વાઘેલા, રુદ્ર પટેલ, પાર્થ પટેલ, હિતાર્થ સોલંકી, હર્ષિલકુમાર રાવત, રાજવર્ધન ચૌહાણ, ગૌરવ પટેલ, સાહિત પ્રજાપતિનો સમાવેશ થયો હતો. જયારે વિદ્યાર્થીનીઓમાં શ્રેષ્ઠ ખેલૈયા તરીકે દિશા પટેલ તેમજ અન્ય ખેલૈયાઓમાં નેન્સી બારોટ, તન્વી ચૌધરી, ભકિત ત્રિવેદી, હાર્દિ પટેલ, યામી ચૌધરી, બંસરી ત્રિવેદી, કિન્ના ચૌધરી, હેતુ પ્રજાપતિનો સમાવેશ થયો હતો. ઉપરાંત ટ્રેડીશનલ ડ્રેસમાં શિક્ષિકા બહેનો પણ ઉત્સાહભેર જોડાયા હતા. જેમાં ભૂમિકાબેન પટેલ, કુંજલબેન પટેલ અને અરૂણાબેન પટેલ સહિતના શિક્ષકોને ઈનામો એનાયત કરાયા હતા. આ પ્રસંગે તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષિકાઓને શેઠ સી.એમ. હાઈસ્કુલના પ્રિન્સિપાલ બચુભાઈ તથા આર.એન. પટેલ પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ દશરથભાઈએ વિજેતાઓને બિરદાવ્યા હતા.

# આનંદીબેન મેચ જોવા માટે રાજકોટમાં ઉપસ્થિત રહેશે

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આવતીકાલે ત્રીજી વનડે મેચ રમાનાર છે ત્યારે આ મેચને લઈને પાટીદાર અનામત આંદોલન સમિતિના લીડર હાર્દિક પટેલની મેચમાં ખલેલ પહોચાડવાની ધમકીના કારણે ટેન્શનની સ્થિતિ ઉભી થઈ છે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન મેદાનને રાજકીય તાકાતના પ્રદર્શન માટે હવે યુદ્ધ મેદાનમાં ફેરવી દેવામાં આવ્યું છે. એક અગ્રણી અખબારના જણાવ્યા મુજબ ભાજપના સભ્યોએ પાટીદારો તરફથી કોઈપણ પ્રકારની ખલેલને રોકવા માટે ૨૦૦૦૦ ટિકિટો ખરીદી લીધી હોવાના અહેવાલ મળ્યા છે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી નિરંજન શાહે કહ્યું છે કે, ભૂતકાળની જેમ જ કાયદા પ્રમાણે તમામ ગતિવિધિ આગળ વધશે. ઓળખપત્ર આપવા માટે આ વખતે પણ ટિકિટ ખરીદનારાઓને કહેવામાં આવ્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મેચ જોવા પહોંચનાર છે અને મેચ બાદ ઈનામ વિતરણ કાર્યક્રમમાં મુખ્યરીતે હાજર રહેશે.

# મોડાસા સાર્વજનિક હોસ્પિટલના કર્મચારીઓ છેલ્લા ચાર માસથી પગાર વિહોણા

## પગાર મુદ્દે ટ્રસ્ટીઓ અને કર્મચારીઓ વચ્ચે મડાગાંઠ યથાવત રહેતા ૮૦ જેટલા કર્મચારીઓ માસ સીએલ પર ઉતરતા સાર્વજનિક હોસ્પિટલ સૂમસામ






મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં નદીના કિનારે આવેલ ડૉ. રસિકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલના ૮૦ જેટલા કર્મચારીઓને છેલ્લા ચાર માસથી પગાર નહિ ચુકવતા હોસ્પિટલના કર્મચારીઓ દ્વારા જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆકને આવેદનપત્ર આપી ટ્રસ્ટથી સંચાલિત હોસ્પિટલને સંપૂર્ણ સરકારી હોસ્પિટલમાં તબદીલ કરવા અપીલ કરાઈ હતી. કર્મચારીઓ દ્વારા તેમના પરિવારજનોનો જીવનનિર્વાહ ચલાવવા પારાવાર મુશ્કેલીઓ પડતી હોવા છતાં ટ્રસ્ટીઓ દ્વારા પગાર નહિ ચૂકવાતા કર્મચારીઓએ શનિવારે માસ સીએલ પર ઉતરવાના હોવાની જાણ થતા ટ્રસ્ટીઓએ ૧૨૫ જેટલા દરદીઓને રજા આપી દેવામાં આવી હતી. શનિવારે સાર્વજનિક હોસ્પિટલના કર્મચારીઓ માસસીએલ પર ઉતરતાં સતત દરદીઓથી ઉભરાતી હોસ્પિટલ સૂમસામ ભાસતી હતી. કર્મચારીઓએ માસ સીએલ પર ઉતરતા જિલ્લામાં જરૂરીયાતમંદ અને ગરીબ દરદીઓની આરોગ્ય વિષયક સેવાઓ ખોરવાઈ જતા દરદીઓને ભારે હાલાકી અનુભવી હતી.

મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં કામ કરતા ૮૦ જેટલા કર્મચારીઓનો નિયમિત પગાર થતા નથી અને છેલ્લા ચાર માસથી પગાર વિહોણા કર્મચારીઓની મોંઘવારીના જમાનમાં પરિવારજનોનો નિર્વાહ ચલાવવામાં હાલત કફોડી બનતાં આ અંગે કર્મચારી મંડળ દ્વારા ટ્રસ્ટીઓને વારંવાર રજૂઆત કરવા છતાં પણ આ અંગે કોઈ નિર્ણય ન લેવાતા તમામ કર્મચારીઓ શનિવારે માસ સીએલ પર ઉતરી ગયા હતા. સતત દરદીઓથી ધમધમતી હોસ્પિટલમાં શનિવારના સવારથી જ સૂમસામ ભાસતી હતી. શનિવારે કર્મચારીઓએ માસ સીએલ રાખતા આનાથી અજાણ જિલ્લાના અને પરપ્રાંતિય દરદીઓએ સારવાર વગર પાછા જવુ પડતા દરદીઓને ભારે હાલાકી અનુભવી હતી.

સાર્વજનિક હોસ્પિટલના કર્મચારીઓ શનિવારે માસ સીએલ પર જવાના હોવાની જાણ થતા ટ્રસ્ટીઓ દ્વારા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૧૨૫ જેટલા દર્દીઓને એકાએક રજા આપી દેવાતા દરદીઓની હાલત કફોડી બની હતી. દરદીઓ ન છુટકે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં મોંઘી સારવાર લેવાનો વારો આવ્યો હતો. જયારે મેજર ઓપરેશન અને ગંભીર દર્દીઓને અમદાવાદ સહિત જિલ્લાની અન્ય હોસ્પિટલમાં ખસેડાયા હતા. જિલ્લામાં સૌથી વધુ દરદીઓ સારવાર લેતી હોસ્પિટલમાં આજે એક પણ દર્દીઓને સારવાર આપવામાં ન આવતા હોસ્પિટલ કમ્પાઉન્ડ, વેઈટીંગ રૂમ અને ઈમરન્જન્સી વોર્ડ સહિત તમામ વોર્ડના પલંગો અને રૂમો ખાલીખમ પડી રહ્યા હતા.

# ખેડબ્રહ્માની સિવિલ હોસ્પિટલના ગાયનેક તબીબ વિરૂદ્ધ ખોટી ફરિયાદો માટે આવેદનપત્ર અપાયુ

ખેડબ્રહમા, તા. ૧૭

ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ગાયનેક તબીબ દ્વારા પ્રસુતાઓ પાસેથી નાણા ખંખેરવામાં આવતા હોવાની ખોટી ફરિયાદો સંદર્ભે આદીવાસી પ્રજામાં રોષ ફેલાયો છે અને ખોટી ફરિયાદોને લઈ તબીબ વિરૂદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવશે તો આદીવાસી પ્રજા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી સાથે નાયબ કલેક્ટરને શનિવારે આવેદનપત્ર આપ્યું હતું.

આ અંગે વિગતો એવી છે કે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલના ગાયનેક ડો. અશ્વિન ગઢવી દ્વારા ઊંચી ધનાલ ગામના ભાટીયા હાર્દિક ઈશ્વરભાઈની બહેન ગાયત્રીની પ્રસુતિના સીઝેરીયન ઓપરેશન માટે રૂ. ૩૦૦૦ ની માંગણી કરવામાં આવી હોવાની ફરિયાદ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીને કરવામાં આવી હતી, પણ પાછળથી હાર્દિક ભાટીયાએ ફેરવી તોળી ડો. અશ્વિન ગઢવીએ કોઈ પૈસા માગ્યા નથી તેવી લેખિત રજૂઆત વિભાગીય નાયબ નિયામકને કરી હતી.

ડો. અશ્વિન ગઢવી માટે થતી ખોટી ફરિયાદોથી ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર અને દાતા તાલુકાની આદિવાસી પ્રજા તથા ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટમલાં પ્રસુતિ માટે સારવાર માટે દાખલ થયેલ મહિલાઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. જેથી તરાર રતનાભાઈ કેશરાભાઈ ખોખરીયા, દિલીપભાઈ રમણભાઈ ગમાર, સોનાબેન વસ્તાભાઈ સહિત ૫૦ કરતા વધુ ભાઈઓ તથા મહિલાઓએ નાયબ કલેક્ટર તથા પૂર્વ ધારાસભ્ય રમીલાબેન બારાને શનિવારે આવેદનપત્ર આપ્યું હતું.

## પગલા લેવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ મોટો છે. ત્યારે એડવાન્સ વસુલાતને અનુલક્ષીને પણ તંત્ર દ્વારા ઝુંબેશના અંતે માત્ર ૪૦ ટકા કામગીરી જ થઈ શકી છે. ત્યારે પ્રતિવર્ષ બાકી માંગણાનો આંકડો વધી રહયો છે. ગત ઝુંબેશના અંતે પણ તંત્ર દ્વારા માત્ર ૫૦ ટકા જ વેરાની રીકવરી કરી શકાઇ હતી. આવા સંજોગોમાં બાકીદારોને નોટીસ આપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ નોટીસના અંતે પણ બાકીદારો વેરો ભરપાઈ કરવામાં ઉદાસીનતા દાખવતા હોવાનુ ધ્યાને આવતા તંત્રના આ અભિયાનનો કોઈ હેતુ સરતો નથી. જેના પરિણામે તંત્ર દ્વારા વેરો ભરપાઈ નહી કરનારાના પાણીના જોડાણો કાપી નાંખવા સુધીના પગલા લેવા વિચારણા હાથ ધરવામાં આવી છે. બે વર્ષ અગાઉ તંત્ર દ્વારા પાવડો ત્રિકમ લઈને વેરા વસુલાતની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેના અંતે તંત્ર દ્વારા ૫૦ લાખનો બાકી વેરો વસુલ કરવામા આવ્યો હતો.

## માર્ગો પર થીગડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના સેકટરોમાં આંતરિક રસ્તાઓની હાલત કફોડી છે. સેકટરોમાં વરસાદી દિવસો દરમિયાન રસ્તાઓનુ ધોવાણ થતા હાલના સંજોગોમાં રસ્તાઓ ઉબડ ખાબડ બન્યા છે. જયારે રસ્તાઓ પરના ગાબડા પુરવા તંત્ર દ્વારા કેટલાક ઠેકાણે ગાબડા પુરવા થાગડ થીગડ કરવામાં આવી છે. જેના પરિણામે સ્થાનિક નાગરિકોમાં આક્રોશ પ્રવર્તયો છે. શહેરના સે૧ થી ૫ ના આંતરિક રસ્તાઓનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી અગાઉ પાંચ વર્ષ પુર્વે રસ્તાઓનુ નવિનીકરણ કરવામાં આવ્યુ હતુ. પરંતુ લાંબા સમયથી રસ્તાઓની દરકાર ન લેવાતા રહીશોમાં પણ રોષ પ્રવર્તયો છે. આ ઉપરાંત સે ૬ થી ૩૦ ના આંતરિક માર્ગોમાં કેટલાક ઠેકાણે રસ્તાઓનુ કામ બાકી છે. ત્યારે સેકટરોના આંતરિક માર્ગોનુ કામ ઝડપભેર હાથ ધરવામાં આવે તેવી લાગણી અને માંગણી પ્રબળ બની છે. આ મામલે તંત્ર દ્વારા વિભાગને અગાઉ દરખાસ્ત પણ કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી વિભાગ કક્ષાએથી રસ્તાઓના કામને મંજુરી ન અપાતા કામ હાથ ધરવામાં આવ્યુ નથી.

## કટાક્ષિકા (૪ પાનાનું ચાલુ...)

હોય છે. પછી બા, બાબા કે બેબીને બિમાર પાડીને છટકી જતાં હોય છે. ઘણા લોકો બધાંની વચ્ચે છાકો પાડી દેવા સારું હા હા કહેતા ઉદારતા બતાવીને ડોનેશન લખાવતાં હોય છે. પછી પાછળથી આપવાના આવે ત્યારે સો ના બદલે બહાના કાઢીને માંડ સાંઠ આપતા હોય છે.

કેટલાંકની ખામી જિંદગી હા ના, હા ના કરવામાં જ વીતી જતી હોય છે. છેલ્લે યમરાજનું તેડું આવવાનો સમય થાય ત્યારે પણ બધાને વડીલ જશે કે ખેંચશે તે સમજાતું ન હોય, એવે વખતે યમરાજ ઝપટ મારીને ઉપાડી લે ત્યારે પ્રકરણ પુરું થાય.

ઘણાનો તો નિયમ હોય છે કે સામાવાળા હા કહે તે વાટમાં ઝટ હા ન કરવી અને સામવાળા ના કહે તો તે વાતમાં તરત ના ન કહેવી. ખાસ કરીને નેતાઓ આ રીતે સરકાર ચલાવીને પાંચ વરસ પસાર કરી નાખતા હોય છે. વસ્તુ પડી પડી પાકે છે. તે ન્યાયમાં આ લોકો માનતા હોય છે. મનમોહનસિંહ અને નરસિંહ રાવ આ યુક્તિમાં ગુરુ અને દાદાગુરુ મનાય છે.

ઘણા હા માં હા કરવામાં માનતા નથી હોતા તેથી હા માં ના અને ના માં હા કરતા હોય છે. તો ઘણા હા માં હા કરવામાં જ કલ્યાણ માનતા હોય છે. ઘણા તો હા પણ ન કહે એવા મુત્સદ્દી હોય છે. મગનું નામ મરી પાડે તે બીજા! ઘણી સાસુઓ તો ના કહેવાનો અધિકાર પોતાની પાસે રાખતી હોય છે. કેટલાક શાનમાં સમજી જતાં હોય છે, તો કેટલાંક ના કહેવાથી પણ નથી સમજતાં. કેટલાંક હા કહેવામાં આવે ત્યાં સુધી રાહ જોતાં નથી. તો ઘણા ધરાર ના ની હા કરાવતા હોય છે. કેટલાક તો હા ના કરવાનો મોકો જ નથી આપતા. તો કેટલાંકે હા કહી છે કે ના તે સામાવાળા કયાંક સુધી નક્કી જ નથી કરી શકતા હોતા.

## વન-ડે મેચ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ ખાસ કરીને વિરાટ કોહલી પર ભારે દબાણ છે. તે તેની કેરિયરમાં સૌથી ખરાબ તબક્કામાંથી પ્રસાર થઈ રહ્યો છે. ભારતીય મિડલ ઓર્વ્ડરના બેટ્સમેનો ફલોપ રહ્યા છે. વિરાટ કોહલી, સુરેશ રૈના કમાલ બતાવી શક્યા નથી. તમામ સ્ટાર ખેલાડી ફોર્મમાં વાપસી કરવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. ભારત તરફથી રોહિત શર્મા, વિરાટ કોહલી અને અન્યો પર તમામની નજર રહેશે. ઓપનિંગ બેટ્સમેન શિખર ધવન પણ હજુ સુધી કોઈ કમાલ કરી શક્યો નથી. શિખર ધવન અને રોહિત શર્મા બન્ને પોતાની ટીમને મજબુત શરૂઆત આપવા માટે સજ્જ છે. ભારતીય ટીમ ફેવરીટ દેખાઈ રહી છે. જો કે આફ્રિકાના ખેલાડી હાલમાં શાનદાર ફોર્મમાં છે જેથી ભારતને સાવધાન રહેવુ પડશે. આફ્રિકા પાસે ડિવિલિયર્સ, ડ્યુમિની, અમલા જેવા સ્ટાર ખેલાડી રહેલા છે. જે મેચના પાસા બદલી દેવા માટે સક્ષમ છે.આ મેદાન પર છેલ્લી મેચ વર્ષ ૨૦૧૩માં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ હતી.જેમાં ઈંગ્લેન્ડે નવ રને જીત મેળવી હતી. આ મેદાન પર કેટલીક યાદગાર મેચ પણ રમાઈ ચુકી છે. આ જ મેદાન પર ૧૧મી જાન્યુઆરી ૨૦૧૩ના દિવસે રમાયેલી મેચમાં ઈંગ્લેન્ડે ચાર વિકેટે ૩૨૫ રન કર્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમ નવ વિકેટે ૩૧૬ રન કરી શકી હતી. જેથી તેની નવ રને હાર થઈ હતી. મેચ ડેનાઈટ હોવાથી બપોરે શરૂ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈન્દોરના હોલ્કર ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી બીજી વનડે મેચમાં દક્ષિણ આફ્રિકા ઉપર ભારતે ૨૨ રને જીત મેળવીને પાંચ વનડે મેચોની શ્રેણીને એક-એકથી બરોબર કરી લીધી હતી.

ડે નાઈટ વન-ડે મેચમાં પ્રથમ બેટિંગ કરતા ભારતે નિર્ધારીત ૫૦ ઓવરમાં ૯ વિકેટે ૨૪૭ રન કર્યા હતા. ભારત તરફથી કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ કેપ્ટન ઈનિંગ્સ રમીને ૯૨ રન ફટકાર્યા હતા. આ ઉપરાંત રહાણેએ પણ ૫૧ રન બનાવ્યા હતા. ધોનીએ ૮૬ બોલમાં ૭ ચોગ્ગા અને ૪ છગ્ગા સાથે અણનમ ૯૨ રન બનાવ્યા હતા.

## મોરપીંછના રંગ (૪ પાનાનું ચાલુ...)

શું આ સાચો સર્જક ધર્મ છે? આજે સમગ્ર દેશમાં આતંકવાદનો દાવાનળ સળગે છે. બેકારી અને મોંઘવારી જેવી સમસ્યાઓને કારણે આજે દેશનું અર્થતંત્ર ખોરવાઈ ગયું છે. ત્યારે સાહિત્યકારો પણ હવે રાજનીતિ કરી રહ્યા છે. જો ખરેખર કંઈક કરવું જ છે તો એવા સાહિત્યનું સર્જન કરવું જોઈએ કે જેનાથી સમગ્ર માનવજાતનું સંવેદનતંત્ર જાગૃત થાય. માનવજાતનું કલ્યાણ થાય, આતંકવાદીઓ, ધર્મગુરુઓ, નેતાઓ અને જે જે ક્ષેત્રમાં અનૈતિકતાના સમાહર્તાઓ છે એ સૌની આંખ ખુલે, હદયનું પરિવર્તન થાય. ગુજરાતમાં પણ આજે થોડા સમયથી આ નવી રાજનીતિનો જન્મ થઈ રહ્યો છે. પણ હું તો એટલું સમજું કે સાહિત્યકાર બહાર રાજકારણ કરે તે ચાલે, પણ સાહિત્યમાં રાજકારણ લાવે તે ના ચાલે. સાહિત્ય અકાદમી હોય કે સાહિત્ય પરિષદ જેવી સંસ્થાઓ હોય... એને સાહિત્યકારોની વ્યક્તિગત રાજનીતિથી મૂક્ત રાખવી જોઈએ. કેમ કે સાચા સાહિત્યકારોનું કામ દેશ અને સમાજને ઉપયોગી બનવાનું છે, નહી કે વ્યવસ્થામાં બાધા બનવાનું.

- 9426060601.india@gmail.com

# હિંમતનગરમાંથી મોબાઈલ ચોરનાર ચાર શખ્સો બે દિવસના રિમાન્ડ પર



હિંમતનગર, તા. ૧૭

હિંમતનગરના હાજીપુરા વિસ્તારમાંથી ત્રેવીસેક દિવસ અગાઉ મોબાઈલ શોપમાંથી રૂ. ૧.૮૨ લાખથી વધુની મત્તાના ફોનની ચોરી થઈ હતી. આ ચોરીની ઘટના સંદર્ભે લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે મળેલી બાતમી આધારે શહેરમાં વોચ ગોઠવી રૂ. ૧.૬૯,૩૦૦ની કિંમતના ૨૪ મોબાઈલ સાથે ધાણધાના ત્રણ અને રાજસ્થાનના એક મળી ચાર યુવકોને મુદ્દામાલ સાથે ઝડપી લઈ રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર શહેરના હાજીપુરા વિસ્તારમાં આવેલી સાનુ મબાઈલ શોપ નામની દુકાનના તાળા તોડી તસ્કરો ત્રેવીસેક દિવસ અગાઉ રૂ. ૧.૮૨ લાખથી વધુની મત્તાના ૨૬ જેટલા મોબાઈલ ચોરી જવાની ઘટના અંગે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. એસ.ડી. પટેલે બાતમી રાહે મોબાઈલ ચોરી અંગે શહેરના મહેતાપુરા વિસ્તારમાં બુધવારે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચની ટીમને ધાણધામાં રહેતા હરપાલસિંહ જગદીશસિંહ રાઠોડ પાસેથી અંગ જડતી દરમ્યાન રૂ. ૨૪૪૦૦ની કિંમતના બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા. જેના કોઈ બીલ કે આધાર પુરાવા ન મળતા પોલીસે તેની બુધવારે અટકાયત કરી પુછતાછ હાથ ધરી હતી. તપાસ દરમ્યાન હરપાલસિંહના ઘરેથી રૂ. ૪૬૮૦૦ની કિંમતના વધુ ચાર મોબાઈલ બીલ કે આધાર પુરાવા વગરના મળી આવતા કબજે લઈ ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

## જાહેર નિવિદા નં. ૩. સને ૨૦૧૫-૧૬

આથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૨, ભોંયતળિયું, ગાંધીનગર. ફોન નં. ૨૩૨ ૫૯૨૧૩ની કચેરી દ્વારા આ પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળના ગાંધીનગર તથા દહેગામ તાલુકા હસ્તકના રોડને લગતા કામ માટે ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ ખાતામાં ઈ-૨ તથા તેની ઉપરની કક્ષાના માન્ય ઈજારદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. કામની અંદાજીત કિંમત ૦.૫૪ થી ૦.૯૦ હજારના કુલ (૨) બે કામોના કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા. ૨૭/૧૦/૨૦૧૫ છે. અને પો.એ.ડી.થી પરત મેળવવાની છેલ્લી તા. ૫/૧૧/૨૦૧૫ છે. આ કામોની વિગતવાર નિવિદા આ કચેરીના નિવિદા બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નિવિદા અંગેની વધુ વિગત માટે ઉપરોક્ત કચેરીના જાહેર રજા સિવાયના દિવસોમાં ઓફીસના સમય દરમિયાન રૂબરૂમાં સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૭૬૧/૨૦૧૫-૧૬

ટચૂકડી જાહેર ખબર

ગાંધીનગર માટે

LED T.V., LCD T.V., Colour T.V.
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

તાત્કાલિક વેચવાનું છે

ફક્ત ડૉક્ટર માટે, ગાંધીનગર કરતાં અડધા ભાવે આશરે ૪૦૦ વારમાં ટેનામેન્ટ, વાવોલ, દલાલ માફ
મો. : ૯૪૨૮૩ ૫૪૨૮૯

જોઈએ છે

ગાંધીનગર ઓફીસ માટે ગ્રાફિક્સ ડીઝાઈનર જોઈએ છે.
ગુજરાતી, હિન્દી ટાઈપીંગના અનુભવી
info@greyorange.in
rajgreyorange@gmail.com
૦૭૯-૬૫૪૫૫૫૦૦